જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૧/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૨/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬ | ૧,૦૩,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૩૩ લીટર દેશી દારૂ, ૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૭ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૫/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** મનોજકુમાર મોહનભાઇ શાહ (ઉ.વ.૪૭) (રહે.સુરેલ એપાર્ટમેન્ટ પ્રેમચંદનગર રોડ બોડકદેવ) એ તા.૧૯/૦૧/૨૦૨૩ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૧ થી તા.૨૦/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) શિતલબહેન ભૌમીકભાઇ પટેલ (રહે.કૃષ્ણ બંગ્લોઝ, બોપલ) અને (૨) પ્રતિકભાઈ પરીખ (રહે.રમન સ્મૃતિ ફ્લેટ્સ, ધરણીધર દેરાસર પાછળ પાલડી) એ ભેગા મળી થલતેજ એસ.જી.હાઈવે ગુરુદ્વારા સામે Zodiac square બિલ્ડીંગ ત્રીજોમાળ ICICI LOMBARD GENERAL INSURANCE કંપનીની ઓફિસ ખાતે મનોજકુમાર શાહની કંપનીમાથી વિમા પોલીસી નંબર મેળવી લઈ છ મેડિ કલેઇમ પાસ કરાવવા માટે ખોટા દસ્તાવેજ તથા બીલ કંપનીમાં રજુ કરી કંપનીમાંથી કલેઈમના રૂપિયા ૨,૦૦,૦૭૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૬/૨૦૨૩**

**ઓઢવઃ (૧)** નરેશભાઇ કરશનભાઇ ગોદલીયા (રહે. બ્લોક નંબર-૬ મકરંદ દેસાઇ ચાર માળીયા ભગવતિનગર સિંગરવા ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ થી રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા/નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ઓઢવઃ (૨)** અજયસિંહ નથ્થુસિંહ ઠાકુર (રહે. જ્ઞાનેશ્વરી સોસાયટી અર્બુદાનગર રોડ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ રાતના ૯/૧૫ થી તા.૧૯/૦૧/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ રાજેન્દ્રપાર્ક ન્યુ કામદાર સોસાયટી બહાર “એસ.એન.ઇલેક્ટ્રીકલ” નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ઇલેક્ટ્રોનીકસ વસ્તુ અને કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલા રૂપિયા ૩૯,૫૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭/૨૦૨૩**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** પ્રકાશ જીતુભાઈ પટણી (ઉ.વ.૨૨) (રહે. ચમનપુરા ઓડાના મકાન ત્રીજા માળ અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૧/૨૦૨૩ કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નીચે ઘાટ નંબર-૫ પાસે ગાર્ડન પાછળ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી